# શૈક્ષણિક બોર્ડ અને યુનિવર્સિટી વિદ્યાર્થીને ભણવાનો પૂર્ણ હક્ક ક્યારે આપશે?

શિક્ષણક્ષેત્રે વિદ્યાર્થીની ફરજ અભ્યાસ કરવાની છે અને વહીવટકર્તાઓની ફરજ વિદ્યાર્થી અભ્યાસ કરી શકે તે માટેની સવલતો ઊભી કરવાની છે. અહીં કેન્દ્ર સ્થાને વિદ્યાર્થી રહેવો જોઇએ. વિદ્યાર્થીની જરૂરિયાત મુજબની સવલતો ઊભી કરવાની છે, નહીં કે સવલતો મુજબ વિદ્યાર્થીએ અભ્યાસ કરવાનો છે. શૈક્ષણિક બાબતો કેન્દ્ર સ્થાને હોવી જોઇએ. શિક્ષણને પ્રાથમિક બાબત ગણવી જોઇએ, વહીવટને દ્વિતીય સ્થાને મૂકી શકાય. આમ છતાં વિદ્યાર્થીઓ અભ્યાસ સારી રીતે કરી શકે, શિક્ષણના હેતુઓ યોગ્ય રીતે પૂર્ણ થાય તે માટે યોગ્ય વહીવટ હશે તો જ તે શક્ય બનશે. તે રીતે જોતાં વહીવટનું સ્થાન ભલે દ્વિતીયકક્ષાએ હોય છતાં પણ તેનું મહત્ત્વ ઘટી જતું નથી. આજે પણ અનેક વહીવટી માર્યાદાઓના પરિણામો વિદ્યાર્થીઓ બાપડા-બિચારા થઇને ભોગવે છે. જે એકવીસમી અતિઆધુનિક સદીમાં ઉજળા ગણાતાં શિક્ષણક્ષેત્રમાં કાળા ડાઘ બરાબર છે. વિકાસને અવરોધતા અનેક નિણર્યો શૈક્ષણિક બોર્ડ અને યુનિવર્સિટીના છે.  એક જ ઉદાહરણ લઇને તેની છણાવટ કરીએ.

કોલેજકક્ષાએ વિદ્યાર્થીએ કોઇ  પરીક્ષા આપી, પાસ પણ થયો. આમછતાં તેને પરીક્ષાના પરિણામથી સંતોષ નથી. તેને પોતાની આવડત-કૌશલ્ય સુધારીને પરિણામ સુધારવું છે. આ માટે તેને ફરી પરીક્ષા આપવી છે...પણ બિચારા તે વિદ્યાર્થીને પોતાની આવડત સુધારવા માટેના દરવાજા બોર્ડ અને યુનિવર્સિટીઓએ બંધ રાખ્યાં છે. તે ગમે તેટલાં માથાં પછાડે તો પણ તે આવા કોઇ દરવાજામાં પ્રવેશ કરી શકતો નથી.. પોતાનામાં પરિણામ સુધારવાની હિંમત અને તાલાવેલી હોવા છતાં પોતાને ન ગમતું આવેલ પરિણામ જે તેને મંજૂર નથી છતાં તેનો ભાર વિદ્યાર્થીએ આખી જિંદગી સુધી લઇને ફરવું પડે છે. તે લેબલ સાથે જ તેણે લેબર કરવી પડે છે. ખરેખર તો કોઇ વિદ્યાર્થીને પોતાના પરિણામથી અસંતોષ છે. તો તેને જે તે પરીક્ષા ફરીથી આપવાની છુટ હોવી જોઇએ. ભલેને તે દસવાર આપે બોર્ડ કે યુનિવર્સિટીને શું વાંધો છે? પરીક્ષાની ફી તે ભરે છે, મહેનત તે કરે છે, સમયનો ભોગ તે આપે છે, તો તેને રોકવો તે વહીવટી અને માનવીય હિતોનું રક્ષણ કરનારની મર્યાદા જ ગણાય. કોઇ વિદ્યાર્થી વધુ એક-બે વર્ષ મહેનત કરીને પરીક્ષા આપીને સારું પરિણામ મેળવે તો તે તેના અને સમાજના હિતમાં જ છે. તે કેટલા પ્રયત્ને પાસ થાય છે તે અગત્યનું નથી, પણ પાસ થવા માટે જરૂરી જ્ઞાન-કૌશલ્ય તેનામાં આવ્યાં છે કે નહીં તે અગત્યનું છે. આવાં જ્ઞાન કૌશલ્યમાં કોઇ વિદ્યાર્થી વધારો કરવાનો પ્રયત્ન કરે તો તે માટે તેને પ્રોત્સાહન આપવું જોઇએ, નહીં કે તેને અટકાવી દેવો જોઇએ. માટે જ કોઇપણ વિદ્યાર્થી ગમે ત્યારે અને ગમે તેટલીવાર એકની એક પરીક્ષા આપીને પણ પોતાનું પરિણામ સુધારવા ઇચ્છતો હોય તો તે માટે તેને આવકારવો જોઇએ. બોર્ડ કે યુનિવર્સિટી આવો સુધારો ન કરી શકે તે તેમની મર્યાદા ગણાય અને નીતિ ઘડનારાની નિષ્ક્રિયતા ગણાય. પ્રવેશ અને પરીક્ષા અંગેની નીતિઓ ઘડનારને વિદ્યાર્થી વધુ મહેનત કરીને, વધુ સમયનો ભોગ આપીને, આર્થિક સંકડામણ વેઠીને પણ પરિણામ સુધારે તે મંજૂર નથી. આવી સંકુચિતતામાંથી યુનિવર્સિટી અને સરકારે બહાર આવીને વિદ્યાર્થીને પોતાની રીતે પોતાની આવડત પ્રમાણે આગળ વધવાની સ્વતંત્રતા આપવી જોઇએ. એટલું જ નહીં તે માટે વિશેષ સગવડો પણ ઊભી કરી પ્રોત્સાહન પૂરું પાડવું જોઇએ. એક વાર આવેલ ખરાબ  પરિણામની સજા આખી જિંદગી સુધી વેઠવી તેનાં કરતાં વધુ એક વર્ષનો ભોગ આપીને પરિણામ સુધારવું તે વિદ્યાર્થી માટે અનેક રીતે ઉચ્ચ પ્રકારનો નિર્ણય ગણાય.આમપણ વિદ્યાર્થીના ભાવિને તેની આવડત અને શકિત મુજબ આગળ વધારવાની તકો ઊભી કરી આપવી તે બોર્ડ અને યુનિવર્સિટીની પ્રાથમિક જવાબદારી છે. આ જવાબદારીને વહીવટી મર્યાદાને કારણે પૂરી ન કરવી તે યુનિવર્સિટીની અંચઇ ગણાય. નીતિ ઘડનારે એ બાબતોનો જ ખ્યાલ રાખવાનો છે કે જે તે

પરીક્ષા માટે જરૂરી જ્ઞાન અને કૌશલ્ય વિદ્યાર્થીમાં આવ્યાં છે કે નહીં, તે ક્યારે આવ્યાં છે તે મહત્ત્વનું નથી. કોઇપણ વિદ્યાર્થીમાં જ્યારે પૂરતું જ્ઞાન અને કૌશલ્ય આવે ત્યારે તે પરીક્ષા આપીને પરિણામ મેળવશે. આવેલા પરિણામથી તેને સંતોષ ન હોય અને તે વધુ મહેનત કરીને પરિણામ સુધારવા માંગતો હોય તો તેને અટકાવવો તે ગૂનો બનવો જોઇએ.

ઉપરોક્ત એક ઉદાહરણની વિસ્તૃત ચર્ચા કરી. આવા અનેક સુધારા યુનિવર્સિટી અને અન્ય શૈક્ષણિક બોર્ડે કરવા જેવા છે. ધારોકે, કોઇ એક વિદ્યાર્થીને પરીક્ષાના પરિણામમાંથી કોઇ એક પેપરના પરિણામથી સંતોષ નથી. તો બોર્ડ કે યુનિવર્સિટીએ તેને એક પેપરની પરીક્ષા આપવા દેવાનો હક્ક આપવો જોઇએ. હા... તે માટે જરૂરી ફી ભરવા વિદ્યાર્થી બંધાયેલ છે. બોર્ડ કે યુનિવર્સિટીએ પરીક્ષા વર્ષમાં એકવાર નહીં લેતાં બે વખત છ-છ માસના સમયે લેવી જોઇએ. ભલે પ્રવેશ વર્ષમાં એક જ વખત આપે. અહીં વહીવટી મુશ્કેલીની દલીલ આવી શકે. વહીવટી મુશ્કેલી દૂર કરવાના અનેક ઉપાયો છે. જરૂર છે મક્કમ નિર્ધાર કરવાની કે, વહીવટ કરતાં શિક્ષણને વધુ પ્રાધાન્ય આપવું. આપણે ત્યાં તો અત્યારે શિક્ષણ આધારિત વહીવટ નથી, પરંતુ વહીવટ આધારિત શિક્ષણ હોય તેવું લાગે છે.

કોઇ વિદ્યાર્થી કોઇ અભ્યાસક્રમમાં પ્રવેશ મેળવે છે. પ્રથમ વર્ષે છ વિષયનો અભ્યાસ પૂર્ણ કરે તો જ તેને આગળના વર્ષમાં પ્રવેશ મળે છે. અમુક વિષયમાં નાપાસ થાય તો એ.ટી.કે.ટી. આપવામાં આવે છે. પણ વિદ્યાર્થી એ શરૂઆતમાં પરીક્ષા તો બધા જ વિષયની આપવી જ પડે છે. આવું શા માટે ? કોઇ વિદ્યાર્થીને એમ લાગે કે મારે પ્રથમ વર્ષે છ વિષયમાંથી ચાર વિષયની જ પરીક્ષા આપવી છે. બાકીના બે વિષયની પરીક્ષા બીજા વર્ષે આપવી છે. તો વાંધો શું છે. વિદ્યાર્થીને આ હક્ક મળવો જ જોઇએ. સમય અને ફીનો ભોગ આપવા તે તૈયાર છે. આ માટે પરીક્ષાનું આયોજન બદલી શકાય. પરીક્ષા વિષય મુજબ હોવી જોઇએ. વિદ્યાર્થી પ્રવેશ મેળવે ત્યારે જ જણાવે કે હું આટલા વિષયની પરીક્ષા આપીશ. વિદ્યાર્થી અભ્યાસક્રમના જરૂરી બધા જ વિષયોની પરીક્ષા પૂર્ણ કરે ત્યારે તેને ડિગ્રીનું સર્ટીફિકેટ મળે. આમથવાથી વિદ્યાર્થી પોતાની રીતે, રસરૂચિ અને શક્તિ મુજબ કામ કરી શકશે. અહીં તેને ભણતરનો ભાર નહીં લાગે.

ચોક્કસ અભ્યાસક્રમમાં પ્રવેશ માટે બોર્ડ કે યુનિવર્સિટી દ્વારા ચોક્કસ નિયમો છે. તેમાં પણ સુધારો લાવવાની જરૂર છે. બી.કોમ. થયેલ વિદ્યાર્થી એમ.એસ.સી.માં પ્રવેશ લેવા ઇચ્છે તો આપોને, વાંધો શું છે. તેનામાં આવડત હશે તો પાસ થશે. કહેવાનો મતલબ એ છે કે, વિદ્યાર્થી જે ભણવા ઇચ્છે છે તે ભણવા દો ને? તેનામાં તાકાત અને આવડત હશે તો ટકશે. તેની ખોટી ચિંતા કરીને અટકાવવામાં કેમ આવે છે? હા...પ્રવેશ લીધા પછી જે તે અભ્યાસક્રમના અભ્યાસમાં છૂટ ન જ હોવી જોઇએ. છતાંય પ્રવેશ આપનાર ઓથોરિટીને વિશ્વાસ ન હોય તો પ્રવેશ માટે પરીક્ષા લઇ શકે છે. પણ આ પરીક્ષા વિષયવસ્તુને લગતી નહીં, પરંતુ અભિગમ, વલણ અને કૌશલ્ય આધારિત હોવી જોઇએ.

ઉપરોક્ત જેવી અનેકાનેક બાબતો છે કે જે માટે યુનિવર્સિટી અને શૈ. બોર્ડે સુધારા કરીને વિદ્યાર્થીને વધુ વિકસવાની તકો આપવી જોઇએ. આશા રાખીએ કે આવી તક વિદ્યાર્થીઓને ખુબ જ ઝડપથી મળતી થાય તે માટેની નીતિ-રીતિ ખુબ જ ઝડપથી બને, પરિણામે અનેક વિદ્યાર્થીઓ અંધકારના રસ્તેથી ઉજાશના રસ્તે વળીને પોતાના જીવનને વધુ સશક્ત બનાવે.